અપીલ અરજી નં.૩૭૯ તા.૨૭–૧–૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૫–૧૨–૦૯ ની અરજીથી (૧) નોવા કોમ્પલેક્ષ સામે ગુ.હા.બોર્ડ રોડ પર હાલ કામ ચાલુ છે તે (૨) શ્રીજી કાર ડેકોરેટર ની ઉપર વિનાયક નગર ગેટ નં.૬ ની બાજુમાં ૧૨૦ ફૂટ રોડ પર કામ ચાલુ છે તે. (૩) ઉધના મગદલ્લારોડ નવજીવન સર્કલથી રીંગરોડ પર સાઈડ અગ્રવાલ એજન્સીની બાજુમાં હાલ કામ ચાલુ છે તે.(૪) ઉધના ત્રણ રસ્તા જે.પી. ફૂટવેર વાળુ બનાવેલ બીલ્ડીંગ તથા તેની બાજુની બીલ્ડીંગ વચ્ચોવચ છે તે. તમામ બાંધકામોની કાયદેસરતા, પરવાનગી ક્ષેત્રફળ માળ વગેરે પરવાનગી ન આપી હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામ અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૭૯/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૫–૧૨–૦૯ ની અરજીથી (૧) નોવા કોમ્પલેક્ષ સામે ગુ.હા.બોર્ડ રોડ પર હાલ કામ ચાલુ છે તે (૨) શ્રીજી કાર ડેકોરેટર ની ઉપર વિનાયક નગર ગેટ નં.૬ ની બાજુમાં ૧૨૦ ફૂટ રોડ પર કામ ચાલુ છે તે. (૩) ઉધના મગદલ્લારોડ નવજીવન સર્કલથી રીંગરોડ પર સાઈડ અગ્રવાલ એજન્સીની બાજુમાં હાલ કામ ચાલુ છે તે. (૪) ઉધના ત્રણ રસ્તા જે.પી. ફૂટવેર વાળુ બનાવેલ બીલ્ડીંગ તથા તેની બાજુની બીલ્ડીંગ વચ્ચોવચ છ તે. તમામ બાંધકામોની કાયદેસરતા, પરવાનગી ક્ષેત્રફળ માળ વગેરે પરવાનગી ન આપી હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામ અંગેની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૨ અને ૪ ની માહિતી આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧ ૨૬૪ તા. ૫–૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૧૧૧ તા.૩–૩–૧૦ ના રોજ પૂરક માહિતી મળેલ છે જેમાં અરજદારને પાઠવેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૭૧૮ તા.૨૯–૧૨–૦૯ ના પત્રની નકલ, સા.ઝોન/ટેક/૨૫ તા.૨૭–૧–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૧૫–૧૨–૦૯ ની અરજીથી (૧) નોવા કોમ્પલેક્ષ સામે ગુ.હા.બોર્ડ રોડ પર હાલ કામ ચાલુ છે . જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં.સા.ઝોન/ટેક/૨૫ તા.૨૭–૧–૧૦ થી નવા કોમ્પલેક્ષ સામે ગુ.હા. બોર્ડ રોડ પર શીવ કૃપા ઈન્ડ. સોસાયટીમાના બાંધકામ માટે અત્રેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી પરંતુ નગર પંચાયત ધ્વારા નં.બાં/૨૨૫ તા.૫–૩–૧૯૭૯ માં બાંધકામની મંજુરી તથા રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે તેવી માહિતી આપેલ છે. (૨) શ્રીજી કાર ડેકોરેટર ની ઉપર વિનાયક નગર ગેટ નં.૬ ની બાજુમાં ૧૨૦ ફૂટ રોડ પર કામ ચાલુ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ મિલ્કતમાં હયાત ગ્રાઉન્ડ + પહેલામાળની ઉપરના બાંધકામ માટે અત્રેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તથા સદર કામોનું બાંધકામ અત્રેથી બંધ કરાવવામાં આવેલ છે. તેવી માહિતી આપેલ છે. (૩) ઉધના મગદલ્લારોડ નવજીવન સર્કલથી રીંગરોડ પર સાઈડ અગ્રવાલ એજન્સીની બાજુમાં હાલ કામ ચાલુ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપવામાં આવેલ જણાતી નથી. (૪) ઉધના ત્રણ રસ્તા જે.પી. ફૂટવેર વાળુ બનાવેલ બીલ્ડીંગ તથા તેની બાજુની બીલ્ડીંગ વચ્ચોવચ છે. તમામ બાંધકામોની કાયદેસરતા, પરવાનગી ક્ષેત્રફળ માળ વગેરે પરવાનગી ન આપી હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામ અંગેની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતની વિકાસ પરવાનગી મેળવવામાં આવેલ નથી. એવી માહિતી આપેલ છે. અરજદારે અપીલ અરજી તબકકે મુળ અરજીના મુદ્દા નં. ૨ અને ૪ ની માહિતી તથા જવાબદાર અધિકારીઓના નામ ન મળવાથી અપીલ અરજી કરેલ છે. જે પૈકી મુદ્દા નં.૨ ની માહિતી જાહેર માહિતી અધિકારીએ આપેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં. ૩ તથા પરવાનગી ન આપી હોય તો જવાબદાર અધિકારીઓના નામ અંગેની દફતરી ઉલપબ્ધની નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,